
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૬૬ | ૧૬ મે, ૨૦૨૩, મંગળવાર; વૈશાખ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# જેનરિક દવા લખવા તબીબોને કેન્દ્રની સુચના

## કાર્યવાહીની ચીમકી : જેનરિક દવાઓને લઈને કેન્દ્ર સરકારનું કડક વલણ : ડોક્ટરો દ્વારા બ્રાન્ડેડ દવાઓ લખવામાં આવી રહી છે જે યોગ્ય નથી, આ ઉપરાંત મેડિકલ રિપ્રેઝન્ટેટિવને ડોક્ટરોને મળવા નવી ગાઈડલાઈન બહાર પડાઈ




નવી દિલ્હી, તા.૧૫

દેશમાં જેનરિક દવાઓના ઉપયોગને લઈને કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. કેન્દ્ર સરકારે એક આદેશ જારી કર્યો છે, જેમાં તેમના તમામ ડોક્ટરોને જેનરિક દવા લખવાની સૂચના આપવામાં આવી છે. સરકારે કહ્યું કે, જો ડોક્ટરો તેમના પ્રિસ્ક્રિપ્શનમાં જેનરિક દવા લખશે નહીં તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આરોગ્ય સેવાઓના મહાનિર્દેશકે આદેશ જારી કરવાની સાથે ચેતવણી આપી છે કે, કોઈપણ ડોક્ટર તેમના પ્રિસ્ક્રિપ્શનમાં જેનરિક દવાઓનો સમાવેશ નહીં કરે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

આદેશમાં કહેવાયું છે કે, કેટલાક ડોક્ટરો દ્વારા બ્રાન્ડેડ દવાઓ લખવામાં આવી રહી છે જે યોગ્ય નથી. આ ઉપરાંત મેડિકલ રિપ્રેઝન્ટેટિવને ડોક્ટરોને મળવા માટે નવી ગાઈડલાઈન પણ બહાર પડાઈ છે. ડો.અતુલ ગોયલે તેમની નોટિસમાં ડોક્ટરોને કોઈપણ સંજોગોમાં તેમના પ્રિસ્ક્રિપ્શન પર માત્ર જેનરિક દવાઓ લખવાની સૂચના આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં ૨૨ દિવસ બાદ પણ ખેલાડીઓના ધરણા યથાવત

## બ્રિજભૂષણ સામે ૫ કુસ્તીબાજના નિવેદન નોંધવાના હજુ પણ બાકી : રેસલિંગ ફેડરેશનના પ્રમુખના મામલે રાજકારણ થવાના કારણે પોલીસ તપાસમાં ખૂબ કાળજી રાખી રહી છે

નવી દિલ્હી, તા.૧૫

જાતીય સતામણીના આરોપમાં ભારતીય રેસલિંગ ફેડરેશનના પ્રમુખ અને ભાજપ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહની ધરપકડની માંગ સાથે જંતર-મંતર ખાતે ખેલાડીઓની હડતાળ રવિવારે ૨૨માં દિવસે પણ યથાવત્ રહી છે. કુસ્તીબાજોએ કહ્યું કે, જ્યાં સુધી બ્રિજ ભૂષણની ધરપકડ નહીં થાય ત્યાં સુધી તેઓ કોઈપણ ભોગે હડતાળ સમાપ્ત કરશે નહીં. દરમિયાન બ્રિજભૂષણ પર જાતીય સતામણીનો આરોપ લગાવનાર સગીર મહિલા કુસ્તીબાજ સહિત માત્ર ૨ મહિલા કુસ્તીબાજોનું કનોટ પ્લેસ પોલીસ સ્ટેશન રાઉઝ એવન્યુ ખાતેની સંબંધિત કોર્ટમાં કલમ ૧૬૪નું નિવેદન નોંધાવી શકી છે.



૫ મહિલા કુસ્તીબાજોના નિવેદન હજુ નોંધવાના બાકી છે. આગામી સપ્તાહે અન્ય ૫ મહિલા કુસ્તીબાજોના નિવેદનો નોંધવામાં આવી શકે છે. આ માટે પોલીસે કોર્ટમાં અરજી કરી સમય આપવા વિનંતી કરી છે. હેડક્વાર્ટરના સૂત્રોના જણાવ્યા અનુસાર આ મામલે રાજકારણ થવાના કારણે પોલીસ તપાસમાં ખૂબ કાળજી રાખી રહી છે. પોલીસ કમિશનર સંજય અરોરા અને સ્પેશિયલ કમિશનર લો એન્ડ ઓર્ડર સાગર પ્રીત હુડા આ મામલાની તપાસ માટે રચાયેલી કમિટિ

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ટૂંકમાં પાંચ વંદે ભારત ટ્રેન લોન્ચ થશે

## પુરી-હાવડા બાદ ન્યુ જલપાઈ ગુડી-ગુવાહાટી, પટણા-રાંચી રૂટ પર વંદે ભારત ટ્રેનની શરૂઆત થવાની સંભાવના

નવી દિલ્હી, તા.૧૫

દેશમાં અત્યાર સુધીમાં ઘણી વંદે ભારત ટ્રેનો શરૂ થઈ ગઈ છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કેરળ, ગુજરાત સહિત ઘણા રાજ્યોને વંદે ભારત ટ્રેન શરૂ થઈ ગઈ છે. તો દેશના અન્ય નવા રૂટો પર પણ મુસાફરો વધુ વંદે ભારત ટ્રેનોની રાહ જોઈ રહ્યા છે. ત્યારે ટુંક સમયમાં રેલવે તરફથી સારા સમાચાર મળવાના છે. જૂનમાં ઓછામાં ઓછી પાંચ વંદે ભારત ટ્રેનો લોન્ચ થશે. ૧૫મી મેએ પુરીથી હાવડા રૂટ પર વંદે ભારત ટ્રેન લોન્ચ કરવામાં આવી શકે છે રિપોર્ટ અનુસાર પુરી-હાવડા વંદે ભારત ટ્રેન બાદ ન્યુ જલપાઈ ગુડી-ગુવાહાટી વંદે ભારત ટ્રેન દોડાવાશે. ત્યારબાદ પટણા-રાંચી રૂટ પર વંદે ભારત ટ્રેનની શરૂઆત થવાની સંભાવના છે. ગુવાહાટીમાં શરૂ થનારા વંદે ભારત ટ્રેન ઉત્તરપૂર્વની પ્રથમ ટ્રેન હશે.

જ્યારે પુરી-હાવડા વંદે ભારત ટ્રેનની વાત કરીએ તો આ ટ્રેન પુરી, ઓડિસાથી સવારે ૫.૫૦ કલાકે ઉપડી શકે છે અને ત્યારબાદ હાવડાથી બપોરે ૨ વાગે પરત ફરી શકે છે. ઓડિશા સરકારે આ હાઈ સ્પીડ ટ્રેનને ભુવનેશ્વ-હૈદરાબાદ, પુરી-રાયપુર અને પુરી-હાવડા રૂટ પર દોડાવવાની માંગ કરી છે. ટ્રાયલ રન દરમિયાન હાવડા-પુરી રૂટ પરની વંદે ભારત ટ્રેને ખડગપુર, બાલાસોર, ભદ્રક, જયપુર-કિયોંઝર રોડ, કટક, ભુવનેશ્વર, ખુર્દ ખાતે સ્ટોપેજ લીધું હતું. અહીં ટ્રેન ૨ મિનિટ રોકાઈ હતી.

# અહમદનગરના શેવગાંવમાં ધાર્મિક યાત્રામાં બે જૂથ વચ્ચે અથડામણ

## બે જૂથોના સામ-સામે પથ્થરમારામાં આઠ પોલીસ કર્મચારી ઘાયલ, પથ્થરમારાના સંબંધમાં ૫૦ લોકોને કસ્ટડીમાં લીધા



અહમદનગર, તા.૧૫

મહારાષ્ટ્રના અકોલા બાદ હવે અહમદનગરથી પણ હિંસાના સમાચાર આવી રહ્યા છે. અહમદનગર જિલ્લાના શેવગાંવમાં, ગઈકાલે રાત્રે ધાર્મિક યાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે અથડામણ થઈ, જેના પછી હિંસા અને પથ્થરમારો થયો હતો. હિંસા દરમિયાન આઠ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા. આ ધાર્મિક યાત્રા માટે અગાઉથી જ વધારાની પોલીસ, એસઆરપીએફ ફોર્સ તૈનાત કરવામાં આવી હતી.

પોલીસે હિંસા અને પથ્થરમારાના સંબંધમાં ૫૦ લોકોને કસ્ટડીમાં લીધા છે. હાલ સ્થિતિ નિયંત્રણમાં છે. આ ઘટના ઔરંગાબાદ અને અહમદનગર શહેરોથી લગભગ ૮૦ કિલોમીટરના અંતરે બની હતી. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

સમાચાર અનુસાર, છત્રપતિ સંભાજી મહારાજની જન્મજયંતિ પર ગઈકાલે સાંજે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ દરમિયાન એક જૂથે સરઘસ પર પથ્થરમારો શરૂ કર્યો હતો. આ પછી, અન્ય જૂથ દ્વારા ધાર્મિક સ્થળ પર પથ્થરમારો કરવામાં આવ્યો અને હિંસા ફાટી નીકળી. આ કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ૫૦ લોકોની અટકાયત કરી છે.

# શ્રીનગર સહિત ૫ જિલ્લામાં ૧૩ સ્થળ પર NIAના દરોડા

## શ્રીનગરના કુરસુ રાજબાગમાં ૩ ભાઈ મોહમ્મદ અયુબ પક્ષૂન, તારિક અહેમદ અને સફીનના ઘરોની તપાસ કરી

જમ્મુ, તા.૧૫

જમ્મુ કાશ્મીરમાં એનઆઈએની મોટી કાર્યવાહી સામે આવી છે. દક્ષિણ કાશ્મીરના શોપિયાં અને પુલવામામાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ટેરર ફંડિંગના સંબંધમાં કેટલાક સ્થળોએ સર્ચ હાથ ધર્યું છે. પહેલા પણ એનઆઈએએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ષડયંત્રના સંદર્ભમાં ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા. મળતી માહિતી મુજબ એનઆઈએટેરર ફંડિંગને લઈ શ્રીનગર સહિત ૫ જિલ્લામાં ૧૩ સ્થળો પર દરોડા કાર્યવાહી હાથ ધરી છે.

એનઆઈએએ ફરી એક વખત શ્રીનગરના કુરસુ રાજબાગમાં ત્રણ ભાઈઓ મોહમ્મદ અયુબ પક્ષૂન, તારિક અહેમદ અને સફીનના ઘરોની તપાસ કરી હતી. ઝાકુરામાં મુશ્તાક અહમદ પિંજુના ઘરની તલાશી લેવામાં આવી હતી. બડગામ જિલ્લાના યુદ્ધ સંગમ વિસ્તારમાં સજ્જાદ અહેમદ ખાનના ઘરની તલાશી લીધા બાદ એનઆઈએએ તેને પૂછપરછ માટે કસ્ટડીમાં પણ લીધો હતો. આ સાથે જ બડગામના જ મીર મોહલ્લા નસરુલ્લાપોરામાં ફયાઝ અહમદ રાથેરના ઘરની તલાશી લેવામાં આવી હતી.

# ૬૦૦ મદ્રેસા બંધ કરી, હજુ ૩૦૦ બંધ કરીશું : હિમંતા બિસ્વા

નવી દિલ્હી, તા.૧૫

તેલંગાણામાં ભાજપ દ્વારા આયોજીત હિંદુ એકતા રેલીમાં આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમા સામેલ થયા હતાં. દરમીયાન આસામના મુખ્ય પ્રધાને એઆઈએમઆઈએમના વડા અસઉદ્દીન ઓવેસી પર નિશાન સાધ્યું હતું. સરકાર લવ જેહાદ રોકવા માટે કામ કરી રહી છે. આ વર્ષે ૩૦૦ મદરેસા પર કાર્યવાહી કરીશું એમ હિમંતા બિસ્વાએ કહ્યું હતું.

રેલીમાં બોલતા હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, અમે આસામમાં લવ જેહાદના વિરોધમાં કામ કરી રહ્યાં છીએ. આસામની મદરેસાઓ બંધ કરવાનું કામ અમારી સરકાર કરી રહી છે. મારે ઓવેસીને કહેવું છે કે હું મુખ્ય પ્રધાન બન્યો ત્યારથી

● અનુસંધાન પાન-૭ પર

# તમિલનાડુના બે જિલ્લાના ઝેરી દારૂ પીવાથી ૩ મહિલા સહિત ૧૦નાં મોત

## ઇથેનોલ-મિથેનોલ જેવા ભેળસેળવાળો પદાર્થ : ભોગ બનેલા બે ડઝનથી વધુ લોકોની સારવાર ચાલુ

વિલ્લુપુરમ, તા.૧૫

તમિલનાડુના વિલ્લુપુરમ અને ચેંગલપટ્ટુ જિલ્લામાં કથિત રીતે ઝેરી દારૂ પીવાથી ત્રણ મહિલાઓ સહિત ૧૦ લોકોના મોત થયા છે. પોલીસ અધિકારીઓએ આ જાણકારી આપી હતી. વિલ્લુપુરમ જિલ્લાના મારક્કનમ નજીક એકકિયારકુપ્પમના ૬ લોકો રવિવારે મૃત્યુ પામ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચેંગલપટ્ટુ જિલ્લાના મદુરંથાગામમાં શુક્રવારે બે વ્યક્તિઓ અને રવિવારે એક દંપતીનું મોત ઝેરી દારૂના સેવનને કારણે થયું હતું.

તેમણે કહ્યું કે બે ડઝનથી વધુ લોકોની સારવાર ચાલી રહી છે. ઘટના પછી, પોલીસ મહાનિરીક્ષક (ઉત્તર) એન કન્નને યોગ્ય કાર્યવાહીનું આશ્વાસન આપ્યું હતું અને કહ્યું હતું કે તમામ ૧૦ પીડિતોએ ઈથેનોલ-મિથેનોલ જેવા ભેળસેળવાળા પદાર્થથી ભરપૂર દારૂ પીધો હતો. તેમણે કહ્યું કે



તમિલનાડુના ઉત્તરમાં ઝેરી દારૂના કારણે મૃત્યુની બે અલગ-અલગ ઘટનાઓ નોંધાઈ છે અને હજુ સુધી પોલીસને બંને ઘટનાઓ વચ્ચે સંબંધ હોવાના કોઈ પુરાવા મળ્યા નથી, પરંતુ પોલીસ તપાસ કરી રહી છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે ઝેરી દારૂ પીવાની બે ઘટનાઓની માહિતી મળી હતી જેમાં એક ચેંગલપટ્ટુ જિલ્લામાં અને બીજી વિલ્લપુરમ જિલ્લામાં બની હતી. મરક્કનમ નજીક વિલ્લુપુરમ જિલ્લાના એક્કિયરકુપ્પમ ગામમાં વોમિટ, આંખોમાં બળતરાં અને ચક્કર આવવાની ફરિયાદ સાથે ૬ લોકોને હોસ્પિટલ ખસેડાયા હતા.

# ખોવાયેલા-ચોરાયેલા મોબાઈલને હવે બ્લોક અને ટ્રેક કરી શકાશે

## અઠવાડિયા દરમિયાન ટ્રેકિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૫

મોબાઈલ આજકાલ લોકોની જરૂરિયાત નહીં પણ જાણે જિંદગીનો અગત્યનો ભાગ બની ગયો છે. પહેલા ફક્ત ફોન કરવા સુધી સીમિત મોબાઈલ હવે રૂપિયાના ટ્રાન્ઝેક્શન સુધીના બધા જ કામ આંગળીના ટેરવે કરી આપે છે. મોબાઈલથી એક મિનિટ પણ દૂર રહેવું લોકો માટે મુશ્કેલ બની જાય છે એવામાં જ્યારે મોબાઈલ ખોવાઈ જાય કે ચોરાઈ જાય ત્યારે તેના માલિકનો જીવ તાળવે ચોંટી જાય છે. મોબાઈલમાં અગત્યના પાસવર્ડ સહિત કેટલીય ડિટેલ્સ હોય છે જેનો મોબાઈલ ચોર દુરુપયોગ કરી શકે છે. પરંતુ હવે સરકાર એવી સિસ્ટમ લઈને આવી રહી છે જે ગેમચેન્જર સાબિત થઈ શકે છે. આ સિસ્ટમ થકી તમે તમારા ચોરાયેલા કે ખોવાયેલા ફોનને બ્લોક અને ટ્રેક કરી શકો છો. કેંદ્ર સરકાર દ્વારા ચાલુ અઠવાડિયા દરમિયાન જ ટ્રેકિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવશે.

ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટની સંસ્થા સેન્ટર ફોર ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (સીડોટ) દ્વારા કેટલાક ટેલિકોમ સર્કલમાં સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટિ રજિસ્ટર (સીઈઆઈઆર) સિસ્ટમનો પાયલટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. તેમાં આવરી લેવાયેલા ટેલિકોમ સર્કલમાં મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક અને નોર્થ-ઈસ્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. હવે આ સિસ્ટમ આખા દેશમાં લાગુ કરવામાં આવશે, તેમ ડોટના એક ઓફિસરે જણાવ્યું. સીઈઆઈઆર સિસ્ટમ ૧૭ મેના રોજ આખા ભારતમાં લોન્ચ કરી દેવાશે, તેમ ઓફિસરે ઉમેર્યું હતું.

સીડોટના સીઈઓ અને પ્રોજેક્ટ બોર્ડના ચેરમેન રાજકુમાર ઉપાધ્યાયનો સંપર્ક

● અનુસંધાન પાન-૭ પર

**શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર**

C/o. જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર-૩૮૨૦૨૯, મો. ૯૮૨૪૭૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા નીચેના કામો માટેના ટેન્ડરો મંગાવવાનું નક્કી કરેલ છે.

૧. Supply of Elevators Material, Installation, Testing and Commissioning (MRL, હાઈડ્રોલીક)
૨. લીફ્ટ વેલ બનાવવાનું કામ (RCCથી અથવા સ્ટ્રક્ચરલ સ્ટીલ ફેબ્રીકેશનથી)
૩. ચોપડાનું છાપકામ કરવા બાબત.

આ અંગેની વિગતો અને ટેન્ડર કોપી શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર - સેક્ટર-૨૯ ખાતેથી તા. ૨૨-૦૫-૨૦૨૩થી સવારે ૧૦ થી ૧૨, સાંજે ૫ થી ૭ દરમ્યાન મેળવી શકાશે. આ ટેન્ડર વિધિવત ભરીને તા. ૨૯-૦૫-૨૦૨૩ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં પરત કરવાના રહેશે.

મંત્રીશ્રી,
શ્રી જલારામ સેવા સમાજ,
ગાંધીનગર

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

વર્ષ ૨૦૨૩-૨૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
| --- | --- | --- | --- |
| ૦૧/૨૦૨૩-૨૪ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતેના નવા બની રહેલા બિલ્ડીંગમાં આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માટેની જરૂરી સાધનો અને તેને લગતી તમામ વ્યવસ્થા ઉભી કરવાની કામગીરી. | રૂ. ૫૦૦૦/- | રૂ. ૧,૭૫,૦૦૦/- |

ટેન્ડર ફોર્મની તા. ૧૬/૫/૨૦૨૩ થી ૬/૬/૨૦૨૩ સુધી સમય ૧૩:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ રજિસ્ટ્રાર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નામે તા. ૭/૬/૨૦૨૩ સમય ૧૬:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટ મારફત મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

અન્ય વધુ માહિતી અને નિયમો તેમજ શરતો માટે વિગતવાર ટેન્ડર જોઈ લેવાનું રહેશે.

રજિસ્ટ્રાર,
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
ગાંધીનગર